પ્રાંતિજના ૧૫ ગામોની જીવનદોરી સમાન બોખ ભરાતા ખેડૂતોમાં ખુશી

સાબરકાંઠા જિલ્લાના અમદાવાદ-હિંમતનગર નેશનલ હાઈવે આઠ પ્રાંતિજ ખાતે આવેલ મોટીબોખ કે જે પ્રાંતિજ સહિત પંદર થી પણ વધારે ગામોની જીવનદોરી સમાન છે તે બોખ માં પાણી ભરતા ખેડૂતો સહિત નગરજનોમાં ખુશી જોવા મળી. પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ માર્કંડેશ્વર મહાદેવ મંદિર પાસે આવેલ મોટી બોખ માં ઉપરવાસમાં પડેલ વરસાદને લઈને કેનાલ મારફતે બોખમાં પાણી આવતા હાલ મોટી બોખ છલોછલ ભરાઈ જતા અને ખાલી રહેલ બોખમાં નવાનીર આવતા આજુબાજુના પંદરથી પણ વધારે ગામના ખેડૂતોમાં ખુશી જોવા મળી છે તો હાલ તો મોટી બોખમાં પાણી ભરાતા પાણી ભરેલ બોખનો નજારો જોવા પ્રાંતિજ નગરજનો પણ બોખ ખાતે ઉમટી પડે છે અને ભગવાન માર્કંડેશ્વર મહાદેવના દર્શન કરી ધન્યતા અનુભવેછે તો બોખમા પાણી ભરેલ સુંદર નજારો જોઈને આનંદ વ્યક્ત કરે છે ત્યારે હાલતો બોખમા પાણી ભરાતા આજુબાજુમાં અડીને આવેલ પંદર થી પણ વધારે ગામના ખેડૂતોને મોટો ફાયદો થશે ત્યારે હાલ આ ખાલી ખમ બોખ માં નવાનીર આવતા સોળે કલા ખીલી ઉઠયુછે .

રખડતા ઢોર અને ગાયને ઘરમાં રાખો નહી તો પાંજરાપોળ ભેગી થશે

ભિલોડા પીએસઆઇ કે. કે. રાજપૂતે પંચાયતને નોટીસ આપી ઢોર સમસ્યા દૂર કરવા તાકીદ

છેલ્લા ઘણાં સમયથી ભિલોડા ગામ ગોકુળીયું ગામ બન્યું હોય તેમ નગરના વિવિધ રાજમાર્ગો ઉપર રખડતા પશુઓ નજરે પડી રહ્યા છે. ભિલોડા નગરમાં વરસાદ પડતાની સાથે પશુપાલકો તેમના ઢોર અને ગાયોને રખડતી મુકી દેવામાં આવતી હોય છે.જેના પગલે રખડતી ગાયો જાહેર માર્ગો પર અડીંગો જમાવી દેતી હોય છે.આખરે વાહન ચાલકો અને રાહદારીઓને હાલાકીઓનો ભોગ બનવુ પડે છે.રખડતા પશુઓના પગલે અકસ્માતની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થતા ભિલોડા પીએસઆઈ કે.કે.રાજપૂતએ ભિલોડા ગ્રામ પંચાયતને નોટીસ આપી નગરના માર્ગો પર રખડતા ઢોરની સમસ્યાનો તાત્કાલિક નિકાલ લાવવા તાકીદ કરી છે નહીતો નગરના માર્ગો પર રખડતા પશુઓને પાંજરે પોળ મોકલી

આપવા સૂચન કર્યું છે.

ભિલોડા પીએસઆઈ કે.કે રાજપૂતે ભિલોડા ગ્રામ્ય પંચાયતને નોટિસ ફટકારી જણાવ્યું છે કે ભિલોડા ટાઉન વિસ્તારમાં રોડ પર રખડતા ઢોર તેમજ રોડ પર ગાયો બેસી રહેતી હોવાથી અકસ્માત થવાની શક્યતા રહેલી હોય સત્વરે ઢોર માલિકોને જાણ કરી રખડતા ઢોર અને ગાય પોતાના ઘરે બાંધી રાખવી નગરના માર્ગો પર રખડતી જોવા મળશે તો ઈડર પાંજરાપોળ મોકલી આપવા કાર્યવાહી કરવાની તાકીદ કરી છે જેથી અકસ્માતની ઘટનાઓ અટકે અને રખડતા પશુઓ રોડ પર અડિંગો જમાવતા ટ્રાફિકની સમસ્યાનું નિર્માણ થતા ટ્રાફિક સમસ્યાનું નિરાકરણ થાય અને રખડતા ઢોરની સમસ્યાનો યોગ્ય નીકાલ કરવા તાકીદ કરી હતી.

વર્ષોથી રખડતા ઢોર અને ગાયની સમસ્યાનો સામનો કરી રહેલા નગરજનો અને વાહનચાલકોએ પીએસઆઈ કે કે રાજપૂતની આપેલ નોટિસની સરાહના કરી હતી.

ભૂંડ અને નીલગાય ખેડૂતો માટે મોટી આફત

અરવલ્લીમાં મકાઈ પકવતા ખેડૂતો ચિંતીત,બાજકોટ છાપરા ગામે ખેતરમાં ઉભો મકાઈનો પાકનું ભૂંડના ઝુંડે સોંથ વાળ્યો

અરવલ્લી જીલ્લામાં ચોમાસાની ઋતુમાં ખેડૂતો ખાતર અને દવાઓનો મોંઘો ખર્ચ માથે પડે તેવો ઘાટ સર્જાયો છે મોડાસા પંથકમાં મકાઈના પાકનો ભૂંડ અને નીલગાય સોથ વાળતા ખેડૂત પરિવારો પર મુશ્કેલીઓનું વાદળ ઘેરાઈ ગયું છે ખેડૂતોના હાથમાં આવેલો કોળીયો છીનવાઈ જતાં પડતા ઉપર પાટુ મારવા જેવી સ્થિતિ સર્જાઈ હતી. સમગ્ર અરવલ્લી જિલ્લામાં વધતા જતા નીલગાય અને ભૂંડોના ત્રાસથી અરવલ્લીના ખેડૂતો ત્રાહીમામ પોકારી ઉઠયા છે.અને ખેતીને પારાવાર નુકશાન કરી રહયા છે.

બાજકોટ છાપરા ગામના હેમંતભાઈ મકવાણાના ખેતરમાં તૈયાર થયેલા મકાઈના બે એકરના ઉભા પાકને ભૂંડના ટોળાએ નિશાન બનાવી આખા ખેતરની મકાઈને એક જ રાત્રીમાં નષ્ટ કરી નાખી છે.ભૂંડોએ ઉભા પાકને રફેદફે કરી પાકનો સફાયો કરી નાખ્યો છે.ત્યારે ખેડૂતની હાલત દયનીય બની ગઈ હતી. ત્યારે મોડાસાના બાજકોટ છાપરા ગામ નજીક વન વિભાગ હોવાથી ગામ લોકોએ જણાવ્યું હતું કે રાત્રી દરમ્યાન ખેડૂતોને ખેતરમાં જવા માટે ડર લાગે છે.કેમ કે ભૂંડો અને નીલગાયે અનેકવાર ખેડૂતો પર હુમલા કર્યા છે.તેથી ખેડુતોને જીવ નું પણ જોખમ છે.ત્યારે ગામડામાં રહેતો ઓછી જમીન ધરાવતો ખેડૂત પોતાના પરિવારને બે ટંકના રોટલા માટે પાક પકવતા હોય છે.પણ હાથમાં આવેલો કોળીયો છીનવાઈ જતાં પડતા ઉપર પાટુ મારવા જેવી સ્થિતિ સર્જાઈ હતી. બે એકરમાં મકાઈના ઉભા પાકને એક જ રાત્રીમાં ભૂંડોના ટોળાએ પાકને છિન્ન ભિન્ન અને નષ્ટ કરી નાખતા ખેતરની દુર્દશા જોતા ખેડૂત પરિવાર પર મુશ્કેલીઓનું વાદળ ઘેરાઈ ગયું હતું.નીલગાયો અને ભૂંડોના ત્રાસ સામે ખેડૂતોની સ્થિતિ દિન પ્રતિદિન વિકટ બની રહી છે.જેથી હેમંતભાઈ ના ખેતરમાં થયેલા મકાઈના પાકના વિનાશ જેવા ગામના બીજા ખેડૂતોના ખેતરોમાં ન બને તે માટે વન વિભાગ કે વહીવટ દ્વારા કોઈ યોગ્ય નિકાલ કરવામાં આવે તેમજ સરકાર દ્વારા આ ખેડૂતને કોઈ સહાય ચૂકવાય તેવી ખેડૂતોએ માંગ કરી હતી.

મોડાસા નગરપાલિકાની ડમ્પિંગ સાઈટ પર મૃત પશુઓ ઠલવાતા હોવાનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ : નગરપાલિકાની ઘોર બેદરકારી

મોડાસા નગરપાલિકા હદ વિસ્તારમાં કાર્યરત ડોર ટુ ડોર કચરાનું કલેકશન કરી આ ઘન કચરાનો નીકાલ મદાપુર માર્ગે આવેલા ડમ્પીંગ સાઈટે કરવામાં આવી રહયો છે આ ડમ્પીંગ સાઈટ પર મૃત પશુઓના કોહવાઈ ગયેલા મૃતદેહ પણ નાખવામાં આવતા હોવાની અનેક બૂમો ઉઠી રહી છે ત્યારે ડમ્પીંગ સાઈટ પર મૃત પશુઓના મૃતદેહનો નિકાલ કરવામાં આવતો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતા ભારે ચકચાર મચી છે અસહ્ય ગંદકીથી ઉભરાતા અને દુર્ગધ ભર્યા આ કમ્પોસ્ટ સાઈટથી નજીકમાં આવેલ જીલ્લા કોર્ટ અને સરકારી કચેરીઓમાં મુલાકાત લેતા અરજદારો અને કર્મચારીઓ તોબા પોકારી ઉઠ્યા છે

સમગ્ર વિશ્વ કોરોનાકાળ થી પીડાઈ રહ્યોં છે.અનેક લોકો કોરોનાથી મોતને ભેટયા છે, સ્વચ્છતા અંતર્ગત દેશમાં વડા પ્રધાન દ્વારા અભિયાન ચલાવવામાં આવે છે પરંતુ મોડાસા નગરપાલિકા દ્વારા તેનો અમલ કરવામાં આંખ આડા કાન રાખતું હોવાના આક્ષેપો થઈ રહ્યા છે, એવા સંજોગોમાં લોકોના આરોગ્ય સાથે ચેડા કરતો હોવાનો એક વીવિડીયો વાઈરલ થતા પાલિકા સામે અનેક સવાલો ઉભા થયા છે, ગુજરાત સરકારે ૫૦ કરોડના ખર્ચે મોડાસા જિલ્લા સેવા સદન સામે નવીન કોર્ટ બિલ્ડીંગનું નિર્માણ કરવામાં આવ્યું છે. છેલ્લા એક વર્ષ અગાઉ થી જિલ્લા ન્યાયાલય ની ૧૦૦ મીટરના અંતરે બિન અધિકૃત રીતે નગર પાલિકા ઘન કચરો ઠાલવી રહ્યું છે પરંતુ હાલના સંજોગોમાં સરકારી તંત્રની કચેરીઓ કાર્યરત થતા અનેક અરજદારો દુર્ગન્ધ નો સામનો કરી રહ્યા છે, ત્યારે ઘનકચરો ઠાલવવાની જગ્યા એ મૃત પશુ પણ ઠાલવતા હોવાનો વિડીયો સામે આવતા સિનિયર વકીલોમાં રોષ જોવા મળ્યો હતો, વકીલો અને ન્યાય તંત્ર ના અધિકારીઓ દ્વારા કલેક્ટરને ડંપિંગ સાઈટ હટાવવા રજુઆત કરવા છતાં કોઈ કાર્યવાહી નહિ થઈ હોવાના હાલ આક્ષેપો થઈ રહ્યા છે, પબ્લિક ન્યુશન્સ રોકવા મોડાસા કોર્ટમાં આ મામલે દાવો પણ કરવામાં આવ્યો છે,જે ડિસ્ટિક કોર્ટે પણ હુકમને માન્ય રાખવાનો હુકમ કરેલો હોવાનું સિનિયર વકીલ હીરાભાઈ પટેલે જણાવ્યું હતું.

ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં ફાર્માસીસ્ટનો વિદાય સમારંભ યોજાયો

ભિલોડા,તા.૧

ભિલોડા કોટેઝ હોસ્પિટલના સીનીયર ફાર્માસીસ્ટ અશોકભાઈ પટેલ વય નિવૃત્ત કર્મચારીનો વિદાય સમારંભ યોજાયો હતો.કોટેઝ હોસ્પિટલ અધિક્ષક ડાં. હિનાબેન શાહ, ડાં.ડી.ડી.ડામોર,જયંતીભાઈ શર્મા, હબીબભાઈ મનસુરી, ડાં.નેહાબેન શેઠ, સામાજીક કાર્યકર કમલેશભાઈ મહેતા સહિત કોટેઝ હોસ્પિટલના સ્ટાફ પરીવાર હાજર રહ્યા હતા.કોટેઝ હોસ્પિટલમાં ચક્ષુદાન પખવાડીયાની ઉજવણી પ્રસંગે ડાં.પ્રિયાબેન જોષીયારાએ ચક્ષુદાન કરવા સૌ-કોઈને પ્રોત્સાહિત કર્યા હતા. વય નિવૃત્ત સીનીયર ફાર્માસીસ્ટને શાલ ઓઢાડી, મોમેન્ટો આપી વય નિવૃત્ત કર્મચારીને સન્માનભેર વિદાય અપાઈ હતી.

તલોદમાં વરસાદી પાણીનો નિકાલ ન હોવાથી ઠેર-ઠેર ગટરો ઉભરાતા રોગચાળાની ભીતિ

તલોદ, તા. ૧

તલોદમાં મેઘરાજાની સારી અને સતત મહેરથી સારા વરસાદી માહોલમાં ચોમાસુ પાણી નિકાલનો પરિસ્થિતિના કારણે પાણીનો ભરાવો ગટરોમાં ઠલવાતા ઠેર ઠેર ગટરો ઉભરાઈ હતી જેથી આવા દુષિત પાણીના કારણે ઠેર ઠેર લોકોમાં માંદગીથી સરકારી અને પ્રાઈવેટ દવાખાનામાં પણ દર્દીઓથી રાફડો ભરાઈ ગયો હતો.

આજના કોરોના મહામારીથી પિડાતા લોકો અને ગટરના ગંદકીયુક્ત પાણીથી ડેન્ગ્યુ, શરદી, ઉધરશ, ઝાડા-ઉલ્ટી અને તાવ જેવા અનેક રોગોએ માથું ઉંચકતા સરકારી હોસ્પિટલોથી માંડી નાના-મોટા પ્રાઈવેટ દવાખાનામાં દર્દીઓની મોટી કતારો જોવા મળી હતી. રોડ રસ્તાઓ અને જાહેરમાર્ગો ગંદા પાણીના ભરાવાથી ગટરો ઉભરાઈ જતા તલોદના વણજારા વાસ, કલાલની ચાલી, માણેકલાલ માસ્તરની ચાલી, સિવિલ હોસ્પિટલની બાજુમાં, પ્રજાપતિ બોડીંગ પાસે, મઠ વિસ્તાર, પ્રજાપતિ બોડીંગ પાસે તેમજ લહેરીપુરા જેવા અનેક ગિચ વિસ્તારોમાં ગટરોના પાણી ફરી વળતા લોકોમાં રોગચાળાના ભરડામાં ફસાઈ જવા પામ્યા હતા.

તલોદમાં કરોડોના ખર્ચથી નજીવા સમયમાં બનાવેલી આ ગટર યોજના નિષ્ફળ પામી છે અને સ્વચ્છ નગરનો એવોર્ડ મેળવનાર આ પાલિકા ઠેર ઠેર ગંદકીયુક્ત વાતાવરણમાં ફેલાયો છે. જેમાં દવા છંટકાવનો અભાવ પણ જોવા મળ્યો હતો. વધુમાં તાજેતરમાં કોન્ટ્રાક્ટરો દ્વારા બનાવેલા કેટલાય આર.સી.સી. રોડ બિસ્માર હાલતમાં જોવા મળી રહ્યા છે. આમ ભરાયેલા પાણીના ખાબોચિયાઓથી જીવજંતુ અને મચ્છરોથી આમજનતા પીડાઈ રહી છે. વિકાસ અને વચનોથી વોટ માંગી વિજયી થયેલા રાજકારણીઓ વિશ્વાસઘાતી હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.

તલોદમાં દુંદાળા દેવનું ગળાડૂબ પાણીમાં વિસર્જન

તલોદ, તા. ૧

તલોદમાં ગણેશ ચતુર્થીથી માંડી ચૌદશ સુધી સતત દસ દિવસ પૂજા-અર્ચના આરતી અને પ્રસાદી સાથે લોકોએ ઘરે ઘરે સ્થાપના કરી પાર્વતિ પુત્રની સેવા અર્ચના કરી હતી. રિદ્ધિ સિદ્ધિના દાતા એવા ગજાનંદના ભક્તોએ ઉપવાસ રાખી આરતી તેમજ પ્રસાદ વહેંચી શંખનાદ સાથે વિદાય આપી તલોદના ગળાડૂબ પાણીમાં પધરામણી કરી સુંઢાળાદેવની પૂર્ણાહૂતિ કરી હતી.

આજના કોરોના જેવી મહામારીથી કાયદાનુ ભક્તોએ ચુસ્ત પાલન કરતા જાહેર સ્થળો પર પ્રતિબંધના કારણે જાહેર પ્રોગ્રામો કે રાસ-ગરબા, મહાપ્રસાદી, લાઉડ સ્પિકરો કે વરઘોડા ના કાઢી નજીવા માણસોથી સાદાઈપૂર્વક ગણપતિ મહોત્સવની પૂજા પાઠ નિત્યક્રમ કરી નાની મૂર્તિઓથી શિવપુત્રની સજાવટ કરી બાપા મોરિયા અગલે બરસ જલ્દી આના જેવા સુરોથી અશ્રુભિની આંખોથી ભાવ વિભોર થઈ વિધિવત વિદાય આપી હતી.

બનાસકાંઠા કલેક્ટર દ્વારા કોરોના વોરિયર મા-દીકરીનું સન્માન

તાજેતરની કોરોનાની મહામારીમાં અનેક સંસ્થાઓ અને વ્યક્તિઓએ બહુમૂલ્ય સેવા કરીને અનેકજનોને મદદ કરી છે.સેવાના ઈતિહાસમાં બનાસકાંઠા જિલ્લામાં એક અનોખી પ્રેરણાદાયી ઘટના પણ બની છે.બનાસ મેડિકલ કોલેજ પાલનપુર ખાતે સ્ટોરકીપર તરીકે સેવા બજાવતાં શ્રીમતી માયાબેન વિનોદકુમાર અખાણી/ઠક્કર અને આ કોલેજમાં જ ઈન્ટરસીપ કરતાં તેમનાં દીકરી ડોક્ટર કૃતિકા અખાણી (એમ.બી.બી.એસ.) એમ બેઉએ કોરોના સમયગાળામાં જીવના જોખમે પણ સર્વોતમ માનવસેવા કરીને અનેક દર્દીઓને કોરોનામુક્ત કરવા માટે મહત્વની કામગીરી કરી હતી. વહીવટીતંત્ર દ્વારા તેમની સેવાની કદર કરાઈ હતી. તાજેતરમાં બેઉનું એકી સાથે જીલ્લા વહીવટીતંત્ર દ્વારા સન્માન થયું હોય એવી આ પ્રથમ ઐતિહાસિક અને પ્રેરણાદાયી ઘટના છે. બનાસકાંઠા જીલ્લાના સેવાભાવી અગ્રણીઓ અને પત્રકાર જગતે પણ આ સન્માનની કદર કરી વિશેષ નોંધ લીધીછે. જલારામ સત્સંગ મંડળ ડીસાના સૌએ આ સન્માનથી અત્યંત રાજીપો વ્યક્ત કરી બેઉ મા-દીકરીને અભિનંદન આપી શુભેચ્છાઓ પાઠવેલ છે. લોહાણા મહા પરિષદના પ્રમુખ પ્રવીણભાઈ કોટક અને તેમની સમગ્ર ટીમે પણ આ સન્માનથી આનંદની લાગણી વ્યક્ત કરી માયાબેન અખાણી અને ડોક્ટર કૃતિકા અખાણીનું "લોહાણા હીરોઝ" પ્રમાણપત્રથી બહુમાન કરેલ છે. ડીસા,પાલનપુર સહિત સમગ્ર ઉતર ગુજરાતનાં રઘુવંશી લોહાણા મહાજનોએ મા-દીકરી બેઉની સેવાભાવી કામગીરીની ભરપુર સરાહના કરી બેઉને બિરદાવેલ છે.

સેવાના ક્ષેત્રમાં મા-દીકરી જ ૧૫ ઓગસ્ટે જીલ્લા કલેક્ટર સંદીપ સાંગલેએ બેઉને પ્રમાણપત્ર એનાયત કરી સન્માન કર્યું હતું.

બાયડ તાલુકાનો વન મહોત્સવ અચાનક રદ થતાં અનેક તર્કવિતર્ક

બાયડ તાલુકા ૭૧ માં વન મહોત્સવ ની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો હતો.ત્યારે અચાનક જ વન મહોત્સવ બંધ રહેતા અનેક તર્ક વિતર્કો ઉભા થયા હતા. બાયડ તાલુકા નો વન મહોત્સવ બંધ રાખવા ઉપરથી સૂચના આપવામાં આવી છે તેવું બાયડ ફોરેસ્ટ રે જણાવ્યું હતું.

તારીખ ૧ ને મંગળવારના રોજ બાયડ તાલુકા નો ૭૧ મા વન મહોત્સવ ડેમાઈ ખાતે આવેલ જી આઈ પી એસ સ્કુલ ખાતે રાખવામાં આવ્યો હતો. આ વન મહોત્સવમાં બાયડના ધારાસભ્ય જશુભાઈ પટેલ બાયડ પ્રાંત અધિકારી બાયડ મામલતદાર બાયડ તાલુકા વિકાસ અધિકારી તાલુકા પંચાયતના પ્રમુખ વગેરેની હાજરીમાં રાખવામાં આવ્યો હતો.

બાયડ તાલુકા નો વન મહોત્સવ યોજાતા પહેલા રદ થઈ ગયો હતો. વન મહોત્સવ રાજકારણને લઈ થયાનું પણ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. આ અંગે બાયડના ફોરેસ્ટર અશ્વિનભાઈ ને પૂછતા તેઓએ જણાવ્યું કે ઉપરથી કાર્યક્રમ બંધ રાખવામાં આવે છે તથા નવીન તારીખ ફરી આપવામાં આવશે તેવું જણાવ્યું હતું